પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૫ | ૫ જુલાઈ, ૨૦૧૯, શુક્રવાર; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે બજેટમાં પ્રજાને રાહતની અપેક્ષા

**પ્રથમ મહિલા નાણાંમંત્રી તરીકે નિર્મલા સીતારમણ બજેટ રજૂ કરશે : : ૧૩૦ કરોડ ભારતીયોને મોદી સરકાર પાસે રાહતની 'આશા' : આવકવેરાની મુકિત મર્યાદા વધે તેવી શકયતા ખેડૂતોની આવક બમણી કરવાનો રોડમેપ રજૂ થશે : વિકાસની ગતિમાં ઝડપ લાવવા, રોજગારીના અવસરો વધારવા, મંદીમાં સપડાયેલા ઉદ્યોગોને રાહત આપવાનો પ્રયાસ થશે બેરોજગારી રેકોર્ડ નીચે સપાટી પર પહોંચી છે અને રોકાણ ઘટી ગયુ છે ત્યારે કૃષિ, આરોગ્ય, ઇડસ્ટ્રીઝ, અન્ય તમામ ક્ષેત્રોમાં પ્રાણ ફુકવાની જાહેરાત થશે**

નવીદિલ્હી,તા. ૪

નાણાંપ્રધાન નિર્મલા સીતારામન આવતીકાલે શુક્રવારના દિવસે અનેક પ્રકારની અપેક્ષા-આશા વચ્ચે નવી સરકારનુ પ્રથમ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. દેશના પ્રથમ પૂર્ણકાલીન મહિલા નાણાંપ્રધાન એવા સમયમાં બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે જ્યારે ઓછા વિકાસ દર, રોજગારીમાં કમી, બચત અને ઉપયોગમાં ઘટાડા, મોનસુનની ખરાબ શરૂઆત, વૈશ્વિક સુસ્તી અને ટ્રેડ વોરને લઈને પડકારો વધી ગયા છે. નિર્મલા સીતારામન ભારતના ગ્રોથને ફરીએકવાર યોગ્ય ટ્રેક પર લાગી શકશે કે કેમ તેની ચર્ચા જોવા મળી રહી છે. તેમની સામે કેટલાક નવા પડકારો રહેલા છે. જીડીપી વૃદ્ધિ દર પાંચ વર્ષમાં સૌથી નીચેની સપાટી પર પહોંચી ગયો છે. વર્ષ ૨૦૧૮-૧૯માં જીડીપી વૃદ્ધિ દર સાત ટકાથી નીચે પહોંચી ગયો છે. બેરોજગારીનો દર ૪૫ વર્ષમાં સૌથી નીચેની સપાટીપર પહોંચી ગયો છે. નવા રોકાણમાં ઘટાડો થયો છે. જુદા જુદા સેક્ટરમાં માંગ ઘટી રહી છે. કૃષિ વૃદ્ધિ દર ઘટીને ૨.૯ ટકા રહ્યો છે. આવા તમામ પડકારો વચ્ચે સીતારામનની સામે આશાસ્પદ બજેટ રજૂ કરવાનો પડકાર છે. સીતારામન આવતીકાલે કરોડો લોકોની અપેક્ષા અને તમામ ક્ષેત્રોના ઉદ્યોગોની ઉત્સુકતા વચ્ચે વર્ષ ૨૦૧૯-૨૦ માટેનુ સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. અનેક પ્રકારની લોકોની અપેક્ષા અને અનેક પ્રકારના જટિલ પડકારો વચ્ચે નાણાંપ્રધાન બજેટ રજૂ કરશે. બજેટમાં દેશના તમામ વર્ગને રાજી રાખવાની બાબત તેમના માટે સરળ રહેશે નહી.બજેટમાં કૃષિ ક્ષેત્રમાં રોકાણ અને મોટા માળખાકીય પ્રોજેક્ટ પર ખર્ચ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત

● અનુસંધાન પાન-૭ પર

## સીતારામનની બજેટ ટીમમાં તમામ ખુબ કુશળ નિષ્ણાતો

નવી દિલ્હી, તા. ૪

નાણામંત્રી નિર્મલા સીતારામન ચૂંટણીમાં પ્રચંડ જીત મેળવ્યા બાદ મોદી સરકાર-૨નું પ્રથમ બજેટ આવતીકાલે રજૂ કરનાર છે. તેમની પાસેથી જોરદાર બજેટની અપેક્ષા રાખવામાં આવી રહી છે. સાહસી સુધારા પગલા લઈને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા તેમની સામે પડકાર રહેશે. સીતારામનની બજેટ તૈયાર કરનાર ટીમમાં રહેલા નિષ્ણાતોની વાત કરવામાં આવે તો મુખ્ય આર્થિક સલાહકાર કે સુબ્રમણયમ રહેલા છે. સુબ્રમણયમે યુનિવર્સિટી ઓફ શિકાગોમાંથી ફાઈનાન્સિયલ ઈકોનોમિક્સમાં પીએચડીની ડિગ્રી મેળવી હતી. તેમના પ્રોફેસરોમાં રઘુરામ રાજનનો સમાવેશ થાય છે. તેમની અર્થતંત્રને લઈને ખુબ મોટી પકડ રહેલી છે. બજેટ તૈયાર કરવામાં તેમની ભૂમિકા ઉપયોગી છે.

આ ઉપરાંત સુભાષ ગર્ગ પણ બજેટ તૈયાર કરવામાં સામેલ છે. ફાઈનાન્સ સેક્રેટરી અને આર્થિક બાબતોના સેક્રેટરી ગર્ગ નોર્થબ્લોકમાં અનુભવી વ્યક્તિ તરીકે રહ્યા છે. ઘણા બજેટમાં તેમની ભૂમિકા રહી છે. બજેટ ટીમમાં રેવેન્યુ સેક્રેટરી અજય ભૂષણ પાંડની પણ ભૂમિકા રહેલી છે. પાંડે રેવેન્યુના મામલામાં નિષ્ણાત રહેલા છે. ટેક્સ રેવન્યુમાં વધારો કરવા તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. આ ઉપરાંત જીસી મુરમુ એક્સપેન્ડેચર સેક્રેટરી તરીકે રહેલા છે. ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર મુરમુ ફાઈનાન્સિયલ સર્વિસ અને રેવન્યુમાં ખુબ અનુભવ ધરાવે છે.



જગન્નાથ નગરચર્યાએ... - જગતનો નાથ અષાઢી બીજે નગરચર્યાએ નિકળે છે એવી પરંપરા ભારતીય સંસ્કૃતિમાં અખંડ અને અવિરત રહી છે... ગુરૂવારે વહેલી સવારથી ગાંધીનગરના સેક્ટરે-સેક્ટરે નિકળેલા જગન્નાથના દર્શન કરવા માનવ મહેરામણ ઉમટ્યું હતું... જયરણછોડ - માખણ ચોરના જયઘોષ સાથે નગરનું આકાશ ગુંજી ઉઠ્યું હતું...

## રાહુલને સંઘ માનહાનિ કેસમાં જામીન મળ્યા

**દોષિત હોવાનો રાહુલ ગાંધીએ સાફ ઇન્કાર કર્યો : મુંબઇ શિવડી કોર્ટ ખાતે હાજર રહ્યા : ૧૫ હજાર રૂપિયાની રકમ ઉપર જામીન : વિચારધારાની લડાઇ હોવાનો દાવો**

મુંબઈ,તા. ૪

કોંગ્રેસ પાર્ટીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી આજે આરએસએસ સાથે જોડાયેલા માનહાનિના એક કેસમાં મુંબઈની એક કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈની શિવડી કોર્ટે ૧૫ હજાર રૂપિયાની રકમ પર જામીન આપ્યા હતા. સુનાવણી દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે તેઓ દોષિત નથી. સુનાવણી બાદ રાહુલ ગાંધીએ કહ્યુ હતુકે આ એક વિચારધારાની લડાઈ છે. તેમની સામે આક્રમણ થઈ રહ્યા છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે તેઓ દોષિત નથી. રાહુલ ગાંધીને ૧૫ હજાર રૂપિયા જમા કરાવી દીધા બાદ જામીન આપી દેવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીની તરફથી પૂર્વ સાંસદ એકનાથ ગાયકવાડે જામીનની રકમ ભરી હતી. બેલ બોન્ડની રકમ ભરવામાં આવી હતી. સુનાવણી બાદ રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે આ વિચારધારાની લડાઈ છે. કોર્ટમાં તેમના દ્વારા કોઈ વાત કરવામાં આવી નથી. તેઓ ખેડુતો અને ગરીબોની સાથે ઉભા છે. તેમની સામે આક્રમણ થઈ રહ્યા છે. રાહુલે ગાંધીએ કહ્યુ છે કે હવે તેઓ છેલ્લા પાંચ વર્ષની તુલનામાં વધારે શક્તિ સાથે લડશે.

## ન્યુઝ ટ્રેક

### દુબઈમાં રૂપિયો ચાલશે

દુબઈ એરપોર્ટ પર આવેલી ડ્યૂટી ફી દુકાનોમાંથી ખરીદી કરવા માટે ભારતીય યાત્રીઓએ કરન્સી એક્સચેન્જ નહી કરાવવી પડે. દુબઈ સરકારના બદલાયેલા નિયમ પ્રમાણે આ દુકાનોમાંથી હવે ભારતીય ચલણથી ખરીદી કરી શકાશે. દુબઈ એરપોર્ટ પર અંદાજે દર વર્ષે ૧.૨ કરોડ ભારતીયો આવે છે.

### કોંગ્રેસ મહાસચિવપદેથી હરીશ રાવતનુ રાજીનામુ

કોંગ્રેસ અધ્યક્ષ પદ પરથી રાહુલ ગાંધીએ રાજીનામુ આપ્યા બાદ પાર્ટીના વધુ એક દિગ્ગજ નેતાએ પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધુ છે. આસામના પ્રભારી તથા ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતે કોંગ્રેસ મહાસચિવ પદેથી રાજીનામુ આપી દીધુ છે.

### આપના ધારાસભ્યને જેલ

વર્ષ ૨૦૧૫માં એક શખ્સને બેટથી માર મારી ગંભીર ઈજા પહોંચાડવાના કેસમાં આપના ધારાસભ્ય સોમદત્તને છ માસની કેદની સજા ફટકારી છે. જોકે તે સમયે તેઓ ધારાસભ્ય ન હતા.

### આકાશ વિજયવર્ગીયને નોટીસ

અધિકારીને ક્રિકેટ બેટ વડે ફટકારવાના મામલે ભાજપના ઈન્દોરના ધારાસભ્ય આકાશ વિજયવર્ગીયને ભાજપ અનુશાસન સમિતિએ નોટીસ ફટકારી છે. આ મામલે ભાજપના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયના ધારાસભ્ય પુત્ર આકાશને જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

### શતરંજના મોહરાની રૂ. ૬ કરોડમાં હરાજી

લંડનમાં ૨જી જૂલાઈના રોજ ૧૨મી સદીના શતરંજના એક મોહરાની હરાજી કરવામાં આવી હતી. ૫૫ વર્ષ અગાઉ ૬ ડોલર(લગભગ ૪૧૫ રૂપિયામાં) ખરીદવામાં આવેલા આ શતરંજના મોહરાની ૬ કરોડ રૂપિયામાં હરાજી થઈ હતી.

## સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજૂ : ૭ ટકા વૃદ્ધિ દરનો અંદાજ

**ભારત દુનિયામાં સૌથી ઝડપથી આગેકૂચ કરતું અર્થતંત્ર રહેશે : તેલની કિંમતમાં ઘટાડો થવાના સાફ સંકેત મળતા રાહત : દર વર્ષે ૯૭ લાખ સુધી વર્કિંગ ફોર્સ વધશે : જળ સંકટ, જળવાયુ પરિવર્તન અંગે ચિંતા રજૂ થઇ : ૨૦૨૫ સુધી ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા માટે વર્ષે સરેરાશ ૮ ટકા ગ્રોથ જરૂરી**

નવીદિલ્હી, તા. ૪

મોદી સરકાર-૨નું પ્રથમ બજેટ આવતીકાલે રજૂ કરવામાં આવે તેના એક દિવસ પહેલા દેશના અર્થતંત્રના આરોગ્યને લઈને રિપોર્ટ એટલે કે આર્થિક સર્વે રજૂ કરવામાં આવ્યો હતો. નાણામંત્રી નિર્મલા સીતારામને આર્થિક સર્વે રજૂ કરીને સ્થિતિ સ્પષ્ટ કરી હતી. આર્થિક સર્વે મુખ્યરીતે બજેટના એક દિવસ પહેલા રજૂ કરવાની પરંપરા રહી છે જેમાં દેશની આર્થિક સ્થિતિનું ચિત્ર રજૂ કરવામાં આવે છે. આર્થિક સર્વેમાં છેલ્લા ૧૨ મહિનાના ગાળા દરમિયાન દેશમાં વિકાસના પ્રવાહની સ્થિતિ, યોજનાઓને કઈરીતે અમલી કરવામાં આવી છે તે અંગે માહિતી આપવામાં આવે છે. આ વખતના આર્થિક સર્વેમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેશના વિકાસ દરને જીડીપીના સાત ટકા રાખવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. ૨૦૧૮-૧૯માં જીડીપીના વૃદ્ધિદર પાંચ વર્ષની સૌથી નીચી સપાટી ૬.૮ ટકા સુધી રહ્યો હતો. સાત ટકાના ગ્રોથનો મતલબ એ થયો કે ભારત દુનિયામાં સૌથી ઝડપથી આગેકૂચ કરનાર અર્થતંત્ર તરીકે રહેશે. બીજી બાજુ ગ્લોબલ ગ્રોથમાં ઘટાડો થવાના સંકેત આમા દેખાઈ રહ્યા છે. દેશના વિકાસદરમાં ગતિ લાવવાના

● અનુસંધાન પાન-૭ પર

## હાફીઝ સામે વધુ કઠોર કાર્યવાહી કરવી પડશે : ભારત

નવીદિલ્હી,તા.૪

મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ કુખ્યાત હાફીઝ સઈદ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને ભારતે દેખાવવા પુરતી ગણાવી છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા રવિશકુમારે કહ્યું છે કે, અમે પાકિસ્તાનના અધુરા એક્શનથી હવે કોઈપણ પ્રકારે ગેરમાર્ગે દોરાઈશું નહીં. પાકિસ્તાન ત્રાસવાદી સંગઠનો અને આતંકવાદીઓ ઉપર કાર્યવાહીને લઈને ગંભીર છે તે અંગે નિર્ણય

**હાલના પાકિસ્તાની અપુરતા પગલાથી ભારત સંતુષ્ટ નથી આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરવાના પાકના પ્રયાસ**

વિશ્વસનીય અને સતત કાર્યવાહીને જોઈને નક્કી કરવામાં આવશે. પાકિસ્તાનને ત્રાસવાદી સંગઠનો ઉપર એવી કાર્યવાહી કરવી પડશે જેને વારંવાર બદલી શકાય નહીં. અધુરા પગલા લઈને પાકિસ્તાન માત્ર આંતરરાષ્ટ્રીય સમુદાયને ગેરમાર્ગે દોરી શકે છે. ભારત હવે ગેરમાર્ગે દોરાશે નહીં. અમે પાકિસ્તાન સાથે આતંકવાદ મુક્ત કાર્યવાહી બાદ સંબંધો ઈચ્છીએ છીએ. ભારતે એફએટીએફની સાથે દાઉદને લઈને કોઈ માહિતી આપી છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા રવિશકુમારે કહ્યું હતું કે, દાઉદ ઈબ્રાહીમના લોકેશનને લઈને હવે કોઈપણ રહસ્ય નથી.

● અનુસંધાન પાન-૭ પર






Little Angels' School
(English Medium)
ADMISSIONS OPEN for
Play Group, Lower KG, Upper Kg, Std. I to VIII

લીટલ એન્જલ્સ સ્કૂલ
(ઈંગ્લીશ મીડીયમ)
એડમીશન ચાલુ છે
પ્લે ગ્રુપ, લોઅર કે.જી. અપર કે.જી., ધો. ૧ થી ૮ સુધી



Office Time
10 AM to 2 PM
Monday to Friday
Call 079 23245153
Block No.682/2, G-1 Qtr.
Sector-8, Gandhinagar

ઓફીસ ટાઈમ :
સવારે ૧૦ થી બપોરે ૨
સોમવાર થી શુક્રવાર સુધી
સંપર્ક : ૦૭૯-૨૩૨૪૫૧૫૩
બ્લોક નં. ૬૮૨/૨, ગ-૧ ટાઈપ, સેક્ટર-૮, ગાંધીનગર



L.G. Microwave Cooking Classes
Cooking Live
• Pizza • Cake • Bread • Pasta • Ghee
& Many more delicious dishes make at your own home
So. Please come and join at
Vimal Trading Co.
B-10, District Shopping Center, Behind Curch, Sector-21, Nr. Vagitable Market, Gandhinagar
Mo. : 85111 20820 | Email : vimal_kothari@hotmail.com
Date : 5-7-2019, Friday • Time : 4-00 P.M.